**અરજી દાખલ કર્યા તા.૧૧/૦૬/૨૦૨૫**
**અરજી રજીસ્ટર કર્યા તા.૧૧/૦૬/૨૦૨૫**
**અરજી ફેસલ કર્યા તા.૨૯/૦૮/૨૦૨૬**
**સમય ગાળો. વર્ષ. માસ. દિવસ.**

---

**આણંદના એડીશ્નલ જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. આણંદ.**

---

**ફોજદારી કેસ નં.૩૯૫૦/૨૦૨૫**
આંક–.....

**ફરીયાદી – સોલંકી હીતેશભાઈ ઠાકોરભાઈ**
ઉ.વ. ૩૨ , ધંધો. વેપાર ,
રહે.હાડગુડ, ઠે. ભાથીજીવાળુ ફળીયું,
તા.જી.આણંદ

**–// વિરૂદ્ધ //–**

**આરોપી – ગોહેલ પ્રકાશભાઈ કીરીટભાઈ**
ઉ.વ. , ધંધો–
રહે–મોગરી, ૧૬૨૪ શિવનગર સોસાયટી,
જુના મોગરી રોડ,તા.જી.આણંદ

**ગુનો :– ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ તથા ૧૪૨ મુજબ.**

| | |
|---|---|
| ફરીયાદ પક્ષ તરફે | – વિ.વ.શ્રી એમ.ડી.મેકવાન |
| આરોપી પક્ષ તરફે | – વિ.વ.શ્રી પી.એમ.વાઘેલા |

**–// ઠ રા વ //–**

(૧) આ કામના આરોપી ધી.નેગો.ઈન્સ્યુ. એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હાના આક્ષેપોનો સામનો કરી રહેલા છે.

(૨) ફરીયાદીની ફરીયાદ તથા ફરીયાદપક્ષના આરોપી વિરુધ્ધના કેસની ટુકમા હકિકત એવી છે કે, આ કામના ફરીયાદી ને આરોપીએ નીચે મુજબની વિગતે ચેક આપેલ હતો.

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | ફરીયાદી અને આરોપી વચ્ચેનો સંબંધ | મિત્રતા |
| ૨ | ચેક આપ્યાનું કારણ | રકમ પરત કરવા |
| ૩ | ચેકની રકમ | ૮૦,૦૦૦/– |
| ૪ | ચેકનો નંબર | ૯૧૮૬૨૫ |
| ૫ | બેંકની વિગત | ઈન્ડસઈન્ડ બેંક, બોરસદ શાખા |
| ૬ | લેણીની રકમ | ૮૦,૦૦૦/– |
| ૭ | ચેક પરત ફર્યાનું કારણ | એકાઉન્ટ બ્લોક |

ઉપર મુજબની વિગતે આરોપીએ ફરીયાદીને ચેક આપેલ હોવાનું ફરીયાદમાં જણાવવામાં આવેલ છે. સદર ચેક પ્રાપ્ત થતાં ફરીયાદીએ નીચે મુજબની કાર્યવાહી કરેલ છે.

| ક્રમ | પુરાવાનુ વર્ણન | તારીખ |
|---|---|---|
| ૧ | ચેકની તારીખ | ૦૧/૦૫/૨૦૨૫ |
| ૨ | ચેક પરત ફર્યાની તારીખ | ૦૨/૦૫/૨૦૨૫ |
| ૩ | રિર્ટન મેમો ની તારીખ | ૦૨/૦૫/૨૦૨૫ |
| ૪ | નોટીસ આપ્યા તારીખ | ૦૮/૦૫/૨૦૨૫ |
| ૫ | નોટીસ બજ્યા તારીખ | ૧૦/૦૫/૨૦૨૫ |
| ૬ | ફરીયાદી દાખલ કર્યા તારીખ | ૦૪/૦૬/૨૦૨૫ |

ઉકત હકીકતોને આધારે ફરીયાદીને વિશ્વાસધાત અને છેતરપીડી થયેલાનુ જણાઈ આવતાં, ફરીયાદીને લેણી રકમના નાણા ચુકવેલા નથી, તેવા સમગ્ર કૃત્યથી આરોપી વિરુદ્ધ એન.આઈ. એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો હોવાની ફરીયાદ ફરીયાદીએ દાખલ કરેલ છે અને આરોપીને કાયદા મુજબ વધુમા વધુ સજા કરવા તથા આરોપીને ચેકની બમણી રકમનો દંડ કરીને ફરીયાદીને વળતર અપાવવા યોગ્ય દાદ અપાવવા માગણી કરેલ છે.

(૨) ફરીયાદી તરફે પુરાવાનુ સોગંદનામુ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની

કલમ–૧૪૫(૧) મુજબનુ રજુ થયેલ છે. સદર સોગંદનામામાં ફરીયાદી તરફે પોતાની ફરીયાદ હકિકતો અને રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને પુર્ણ સમર્થન કરેલ છે. વધુમા આ કામે ફરીયાદ તથા સંલગ્ન દસ્તાવેજોની નકલો આરોપીને આપવાની રજુ થયેલ છે. કેસ કાર્યવાહી દરમ્યાન આરોપી હાજર થતા તેઓને ફરીયાદ તથા દસ્તાવેજોની નકલ પુરા પાડવામા આવેલ છે. ત્યાર બાદ **આરોપીની આંક–૦૯ થી પ્લી** લેવામા આવેલ છે. જેમા આરોપીએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલો છે. કેસ આગળ ચલાવવા માગણી કરેલ છે.

આ કામે ફરીયાદીના સોગંદનામુ તથા રજુ થયેલ પુરાવાની હકિકતોનુ આરોપી તરફે ઉલટ તપાસ માટે કામ રાખવામા આવેલ તેમ છતા આ કામે આરોપી જાતે અથવા તેમના વિ.વ.શ્રી ફરીયાદીની ઉલટતપાસ માટે હાજર રહેલા નથી કે મુદત અરજી પણ રજુ કરેલ નથી. જેથી સદર કામ ઉલટતપાસ મુલત્વી રહેલ અને આ કામે ઉલટતપાસના સ્ટેજે આરોપી હાજર રહેલા નથી કે તેમના વિ.વ.શ્રીએ હાજર રહી કેસ આગળ ચલાવેલ નથી. આ કામે મુદતે તહોમતદાર કે તહોમતદારના વિ.વ.શ્રીને પોકારવા છતા હાજર રહેલા નથી કે કોઈ રિપોર્ટ રજુ કરેલ નથી. જેથી આરોપીની ઉલટતપાસનો હકક બંધ કરવા હુકમ કરવામા આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(અ) **–મૌખિક પુરાવો–**

| **ક્રમ** | **પુરાવાનુ વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી નું સોગંદનામું | ૦૪ |

(બ) **––દસ્તાવેજી પુરાવા ––**

| **ક્રમ** | **પુરાવાનુ વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદીનું આઇ.ડી. પ્રુફની ઝેરોક્ષ નકલ | ૧૪ |
| ૨ | અસલ ચેક | ૧૫ |
| ૩ | રિર્ટન મેમો | ૧૬ |
| ૪ | નોટીસની ઓફીસ કોપી | ૧૭ |
| ૫ | નોટીસની પોસ્ટની સફેદ પાવતી | ૧૮ |
| ૬ | નોટીસ બજી ગયેલ તેનું ઓનલાઈન સ્ટેટસ રીપોર્ટ | ૧૯ |
| ૭ | ફરીયાદીએ તો દારને સુધારા નોટીસ આપેલ તેની ઓફીસ કોપી | ૨૦ |
| ૮ | સુધારા નોટીસની પોસ્ટની સફેદ પાવતી | ૨૧ |

| | | |
|---|---|---|
| ૯ | સુધારા નોટીસ બજી ગયેલ તેનું ઓનલાઈન સ્ટેટસ રીપોર્ટ | ૨૨ |

(૫) હાલની અરજીના કામે ફરીયાદી તરફે પુરાવો પુરો થયાનું જાહેર કરતા, પુરાવાનુ સ્ટેજ બંધ કરીને કામ એફ.એસ.ના સ્ટેજે રાખવામા આવેલ પરંતુ આરોપી એફ.એસ. માટે હાજર રહેલા ન હોય, આરોપીનુ વિશેષ નિવેદન નોધવામા આવેલ નથી. એફ.એસ. ના સ્ટેજે આરોપી કે તેમના વિ.વ.શ્રીને પોકાર કરવા છતા હાજર રહેલા નથી, જેથી એફ.એસ.નો હકક બંધ કરવામા આવેલ છે. સબબ આરોપીની ગેરહાજરીમા આગળની કાર્યવાહી ચલાવવામા આવેલ છે અને તે રીતે આરોપી તરફે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામા આવેલ નથી.

(૬) આ કામના ફરીયાદપક્ષે આરોપી હાજર રહેતા ન હોય તેમજ આરોપીના વિ.વ.શ્રી હાજર રહી કેસની કાર્યવાહી આગળ ચલાવતા ન હોય, કામને વિલંબમા નાખવા માગતા હોય તેવા આશયે એક યા બીજી રીતે સમય પસાર કરતા હોવાનુ જણાતા આ કામે તહોમતદારનો ઉલટ તપાસનો હકક ન્યાયના વિશાળ હીતમાં હકક બંધ કરવામા આવેલો છે તથા ફરીયાદીએ પોતાના પુરાવો પુરો થવાનુ જાહેર કરતા સદર કામ આરોપીના વિશેષ નિવેદનના તબકકે આવતાં અત્રેની કોર્ટ તરફથી વિશેષ નિવેદન તૈયાર કરવામા આવેલ છે. પરંતુ આરોપી કે તેઓના વિ.વ.શ્રી હાજર નહી રહેતા અત્રેની કોર્ટથી આરોપીના વિશેષ નિવેદનનો હકક બંધ કરવામા આવેલ છે. આ કામ દલીલના સ્ટેજે રાખવામા આવેલુ. વધુમાં ફરીયાદીના વિ.વ.શ્રી ની લંબાણ પુર્વકની મૌખીક દલીલો સાંભળી. ફરીયાદીના વિ.વ.શ્રીએ તેમની દલીલમા ભારપુર્વક જણાવેલ છે કે, ફરીયાદીએ ફરીયાદની હકિકતો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી સાબીત કરેલ છે. જેથી આરોપીને વધુમા વધુ સજા કરવા તથા ફરીયાદીએ ભોગવવી પડેલ મુશ્કેલી બદલ ચેકની બમણી રકમનો દંડ કરવા તથા ફરીયાદીને વળતર ચુકવવા માગણી કરેલ છે. તે સામે આરોપી તરફે કોઈ રજુઆત કે દલીલ રજુ કરેલ નથી.

(૭) ઉપરોકત હકિકતે આ કેસના મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**--- મુદા ---**

(૧) શુ ફરિયાદી સાબીત કરે છે કે, આરોપીનો લેણી રકમ પેટે આપેલો ચેક **"એકાઉન્ટ બ્લોક"** ના કારણોસર પરત ફરતાં, ફરીયાદીએ સમય મર્યાદામા નોટિસ આપવા છતાં, આરોપીએ નાણા નહી ચુકવી આપીને વિશ્વાધાત છેતરપીડી

કરીને એન.આઈ. એકટની કલમ ૧૩૮ મુજબનોગુનો કરેલ છે?

(૨) શુ ફરીયાદી વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે ?

(૩) શુ હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબના છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) આખરી હુકમ મુજબ

(૯) ---- **કારણો** ---

ફરીયાદી ધ્વારા આ કામે હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ-૧૮૮૧ની કલમ-૧૩૮ મુજબના ગુના અન્વયે દાખલ કરવામા આવેલ છે ત્યારે આરોપી સામેનો આક્ષેપીત ગુનો સાબીત કરવા માટે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી ઉપર રહેલ છે.

**૧.** વાદવાળો ચેક સમગ્ર રીતે અથવા અંશત: કોઈ પણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકતી, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેકએ ખાતામાંથી બીજી વ્યકતિને નાણાંની ચુકવણી માટે આપેલ હોય,

**૨.** જે તારીખે ચેક લખેલો હોય તે તારીખથી ત્રણ મહીનાની મુદત અથવા તેવી કાયદેસરની મુદત એ બે માંથી જે વહેલી આવતી હોય તેટલી મુદતની અંદર બેંકમા ચેક રજુ કરવામા આવ્યો હોય,

**૩.** પ્રસંગ પ્રમાણે ચેક લેનાર અથવા તેના ધારક ચેકની રકમ ભરપાઈ થયા વીના પરત આવવા સબંધી બેંક પાસેથી તેની માહિતી મળ્યાના ૩૦ દિવસોની અંદર ચેક લખનારને લેખિતમાં નોટિસ આપીને સદરહુ રકમ નાણાંની ચુકવણી કરવા માટે માગણી કરી હોય અને

**૪.** તેવી નોટિસ મળ્યાના પંદર દિવસની અંદલ ચેક લખનાર ચેકના નાણાં ચેક લેનાર અથવા જે તે કિસ્સા મુજબ ચેક ધારકને સદરહુ નાણાંની ચુકવણી કરવામા નિષ્ફળ જાય,

**૫.** ફરીયાદનુ કારણ ઉદ્ભવ્યા બાદ એક માસની અંદર ચેક લેનાર અથવા તેના ધારકે ફરીયાદ કરવી પડે.

(૧૦) આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૧૮(એ) તથા

કલમ–૧૩૯ મુજબ જયાં સુધી વિરુધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી ચેક કાયદેસરના દેવા પેટે ચેક આપેલાનુ અનુમાન ફરીયાદીની તરફેણમા કરવાનુ રહે છે. વિરુધ્ધનુ પુરવાર ન થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનુ ખંડન સચોટ પુરાવાથી કરવાનુ રહે છે અને આવા અનુમાનનુ ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહેલ છે.

આ કામે ઉપરોકત કરવામા આવેલ ચર્ચા મુજબ ગુના સબબના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા માટે ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ ૧૪૫(૧) અન્વયે ફરીયાદની હકિકતોને સમર્થનકારક પુરાવાનુ સોગંદનામુ રજુ કરીને ફરીયાદી તરફે આ કામના આરોપીએ કાયદેસરના દેવા પેટે ચેક આપેલાની હકિકતોનો પુન: ઉચ્ચારણ કરીને મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલા છે.

આ કામે ફરીયાદી તરફે રજુ થયેલા પુરાવાનુ મુલ્યાંકન કરતાં આરોપી સામે કરેલ હાલની ફરીયાદ સબંધે આ કોર્ટ તરફથી **આંક–૦૯** થી પ્લી લેતાં આરોપીએ ગુનો કરેલાનો ઈન્કાર કરેલો છે. તે આધારે **આંક–૦૪** થી ફરીયાદીએ પોતાનો મૌખીક પુરાવો સર તપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે તથા ફરીયાદીએ સદર ફરીયાદ સબંધે **આંક–૧૪ થી આંક–૨૨** સુધીના મહત્વના દસ્તાવેજો રજુ કરેલા છે. જે ધ્યાને લેતાં, આરોપીએ ફરીયાદીને તેના લેણા પેટે ચેક આપેલો છે, સદર ચેક વગર સ્વીકારે પરત ફરેલો છે તેના નાણા ફરિયાદીને ચુકવાયેલા નથી જેથી ફરિયાદીએ નોટિસ આપેલ છે જે નોટિસ આરોપીને બજી જવા છતાં નિયત સમયમા ફરિયાદીની લેણી રકમ ચુકવી આપેલ નથી તેવુ પુરવાર થાય છે.

(૧૧) ફરીયાદી તરફે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતાં, સદર ફરીયાદ વાળો અસલ ચેક રજુ થયેલો છે. જેમા ફરીયાદી તરફથી આરોપીની સહી તથા ચેકની રકમની હકિકત સબંધેનો પુરાવો મૌખીક રીતે પોતાની સરતપાસમા રજુ કરેલો છે. આ કામે સદર ચેક ફરીયાદીએ પોતાની બેંકમાં ભરતાં **"એકાઉન્ટ બ્લોક"** ના શેરા મુજબના રીર્ટન મેમો મુજબ ચેક પરત ફરેલો છે. ચેક પરત આવતાં તે સબંધે ફરીયાદીએ આરોપીને લેખીતમાં પોતાના વિ.વ.શ્રી મારફતે કાયદેસરની સમય મર્યાદામાં નોટિસ આરોપીના સરનામા મુજબ આપેલી જાહેર થયેલ છે. જે આધારે ફરીયાદી તરફે સમય મર્યાદામાં હાલની ફરીયાદ કોર્ટમા દાખલ કરેલ છે. જે મુજબ ફરિયાદી તરફે આરોપી સામે હાલના કેસમાં મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓથી પુર્ણ સમર્થન મળેલ છે.

(૧૨) ફરીયાદપક્ષ તરફથી સદર આરોપી સામે રજુ કરેલા ઉપરોકત મૌખીક તથા

દસ્તાવેજી પુરાવા સામે ઉલટ તપાસ કરવા આરોપીને યોગ્ય વ્યાજબી ન્યાયીક તક આરોપીને આપવામા આવેલ હોવા છતાં આરોપી તરફે નામ. કોર્ટમા હાજર થઈ પ્લી લીધા બાદ મુદત અરજી આપેલ છે, ત્યારબાદ ઉલટ તપાસ કરવા આરોપી તરફે કોઈ તસ્તી લીધેલ નથી. ત્યાર બાદ આરોપીની ગેર હાજરીના સંજોગોમાં ફરીયાદીની ઉલટતપાસનો હકક બંધ કરવામા આવેલ છે. ત્યાર બાદ ફરીયાદી તરફે વધુ સાહેદોનો પુરાવો રજુ કરવો નહી હોવાની કલોઝીગ પુરસીસ રજુ કરેલ છે. બાદ હાલનો કેસ આરોપીના વિષેશ નિવેદનના તબકકે આવતાં આરોપી વિષેશ નિવેદનના તબકકે હાજર રહેલા નથી અને ગેરહાજર રહેવા કોઈ રિપોર્ટ કે અરજી રજુ કરેલ નથી. તે સંજોગોમા ફરીયાદપક્ષે વિશેષ નિવેદનનો હકક બંધ કરવા અરજી આપતાં આરોપીની ગેરહાજરીમાં આરોપીનો વિષેશ નિવેદનનો હકક બંધ કરવામા આવેલ છે. આ કામે રજુ થયેલ ફરીયાદી તરફથી સરતપાસમા જણાવેલ મૌખીક પુરાવો તથા દસ્તાવેજી પુરાવાની હકિકતોનુ આરોપી તરફ કોઈ ખંડન કરવામા આવેલુ નથી. આ કામે આરોપી તરફે દલીલના તબકકે હાજર થઈ કોઈ પોતાના બચાવની વિગતો કે દલીલો અને રજુઆત કરેલ નથી. તે સંજોગોમાં ફરીયાદીએ આ કેસના કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૪૫(૧) મુજબ પોતાનો પુરાવો રજુ કરીને પોતાની સમગ્ર ફરીયાદ હકિકતો તથા ઉપરોકત જણાવેલા ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના કામે જરુરી આવશ્યક તત્વો પુરવાર કરેલા છે. જે હકિકતોનુ આરોપી તરફે ઉલટ તપાસ કરીને કોઈ ખંડન કરવામા આવેલુ નથી. ફરીયાદી તરફે રજુ થયેલા પુરાવાને પડકારવામા આવેલો નથી. આમ ફરીયાદી ધ્વારા પોતાના પુરાવાથી આરોપી વિરુધ્ધ હાલનો ગુનો બનતો હોવાનુ શંકા રહીત પુરવાર કરેલ છે.

(૧૩) આ તબકકે નામ. વડી અદાલતના નીચે મુજબના ચુકાદાઓમા પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંત વંચાણે લેતાં, (૧) નામ. ગુજ. હાઈકોર્ટ ક્રીમીનલ અપીલ નં.૧૭૧૯/૨૦૦૫ તારીખ ૨૭–૭–૨૦૧૫ (૨) નામ. ગુજ. હાઈકોર્ટ ક્રીમીનલ અપીલ નં.૧૧૮૭, તથા ૧૧૯૧ થી ૧૧૯૬/સને ૨૦૧૭ તારીખ ૮–૧–૧૮ શશીમોહન ગોયંકા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા વંચાણે લેતાં આ કામે નામ.ગુજ.હાઈકોર્ટ તરફથી ઉપરોકત ચુકાદાઓમાં ધી એન.આઈ. એકટ હેઠળની મહત્વની જોગવાઈઓ રીફર કરીને આરોપી પક્ષની જવાબદારી જયારે આરોપીપક્ષ ખંડન કરવામા નિષ્ફળ રહેતો હોય ત્યારે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદવાળો ચેક અને તે ચેક વગર વટાવે પરત થતાં ફરીયાદી તરફથી કાયદેસરની નોટિસ સમય મર્યાદામાં આરોપીને પાઠવવામા આવેલ હોવા છતાં

આરોપી તરફે પોતાની જવાબદારી પુરી કરવામા આરોપીપક્ષ નિષ્ફળ રહેલ હોય ત્યારે ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ તથા એન.આઈ.એકટની કલમ–૧૩૯ અને ૧૧૮ મુજબ અનુમાન લક્ષમા લેતાં આરોપી પક્ષ તરફથી ફરીયાદ પક્ષની હકિકતોનુ ખંડન કરવામાં નિષ્ફળ રહેલ હોય રજુ કરેલા ચુકાદાના મહત્વના તત્વો અને પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં પણ ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ નિશંકરીતે પુરવાર કરવામા સફળ રહેલ છે.

(૧૪) ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ નુ પ્રીઝમશન ધ્યાને લેતાં આરોપી ધ્વારા જે ચેક આપવામા આવેલો છે તે ચેક કાયદેસરના દેવાની ભરપાઈ કરવા માટે અથવા તો કોઈ જવાબદારી અદા કરવા માટે આપવામા આવેલ હતો, તેવુ અનુમાન કરવાનુ રહે છે. આરોપીએ ક્રીમી.પ્રોસી. કોડની કલમ–૨૫૧ મુજબ પ્લી રેકોર્ડ કરતાં, આરોપીએ ગુનો કબુલ ન હોવાનુ જણાવેલ છે. તે સંજોગોમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ વાદગ્રસ્ત તકરારી ચેક કાયદેસરના દેવા કે લેણાની જવાબદારી પેટે આપેલ ન હતો, અગર તો આ કામે કોઈ કાયદેસરનુ દેવુ ન હતુ તેવી હકિકતો પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહેલ છે. પરંતુ આ કામે આરોપી તરફે ફરીયાદીથી રજુ થયેલા પુરાવાને ઉલટતપાસ કરીને પડકારેલ નથી તે સંજોગોમાં ફરીયાદપક્ષે રજુ કરેલા દસ્તાવેજી તથા મૌખીક પુરાવાઓ ધ્યાને લેતાં, આરોપીએ ફરીયાદીને કાયદેસરના દેવા પેટે વાદગ્રસ્ત ચેક આપેલાની હકિકતને નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી. અગર ઈરાદાપુર્વક આક્ષેપીત ગુનામાં બચવા માટે હાજર રહેવાનુ પસંદ કરેલ નથી ત્યારે તેવા સંજોગોમાં પ્રબળ અનુમાન આરોપી વિરુધ્ધ ઉપસ્થિત થાય છે કે તેઓની પાસે આક્ષેપીત ગુનાના કામે માત્ર ઉડાઉ ઈન્કાર કર્યા સીવાય બીજો કોઈ સંભવિત બચાવનો કોઈ પુરાવો નહી હોય.

(૧૫ ) સામાન્ય રીતે ફોજદારી કાર્યવાહી આરોપીની હાજરીમા ચલાવવાની રહે છે. પરંતુ સદર કામે આરોપીની વર્તણુક ધ્યાને લેતાં આરોપી પ્લીના સ્ટેજે હાજર રહીને ગુના કબુલાતનો ઈન્કાર કરીને ફરીયાદીએ ગુના કબુલાતનુ સોગંદનામુ રજુ કર્યુ તે સમયે ફરીયાદપક્ષના કાગળોની નકલ સ્વીકારેલ છે, આ કામે ફરીયાદીના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાને આરોપીને ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે યોગ્ય વ્યાજબી ન્યાયી તક આપવા છતા આરોપી કે તેમના વિ.વ.શ્રી ફરીયાદીની કોઈ ઉલટ તપાસ કરેલ નથી કે તે અર્થેના કોઈ પ્રયત્નો આરોપી પક્ષે કરેલ ન હોય તેમજ આરોપી કે તેઓની વિ.વ.શ્રી હાજર થઈ કોઈ રિપોર્ટ રજુ રાખેલ ન હોય, જેથી આરોપીની વર્તણુક ધ્યાને લેતા

આરોપીનો ઈરાદો કેસ લંબાવવાનો જણાતો હોવાથી ફરીયાદીને નુકશાન કરવાના હેતુથી સદર પ્રકારની વર્તણુક ધ્યાને લેતાં અત્રેની કોર્ટ તરફથી ફરીયાદીની ઉલટ તપાસનો આરોપીનો હકક બંધ કરતો હુકમ નામ.કોર્ટથી ફરમાવવાની ફરજ પડેલ છે. ત્યાર બાદ આરોપી તથા તેમના વિ.વકીલશ્રી આ કામે હાજર રહેલા નથી. તેમ કરીને ઈરાદાપુર્વક ટ્રાયલને વિલંબમા નાખવાનો ભરપુર પ્રયાસ આરોપી ધ્વારા કરવામા આવેલ છે. ત્યારે આરોપીના તેવા ગેર કાયદેસરના કૃત્યના કારણે કેસની કાર્યવાહી મોકુફ રાખી શકાય તેમ નથી. આરોપીને કેસ અંગે પુરતી માહીતી હોવા છતાં, મુદતે નામ. કોર્ટ મા હાજર નહી રહીને કેસને એક યા બીજી રીતે વીલંબમા નાખવાનો પ્રયાસ કરવામા આવેલ છે. અને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના કેસમાં આરોપી તરફે આવી ટેન્ડન્ટસી અપનાવવાનુ વલણ ખુબજ વધી ગયેલ છે. જે તમામ હકિકતો ધ્યાને લેતાં આરોપીની ગેરહાજરીની કારણે જ ન્યાયીક કાર્યવાહી મોકુફ રાખી શકાય નહી અને કાયદાનો દુરઉપયોગ થવા દઈ શકાય નહી જેથી આ કામે ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે.

(૧૬ ) આમ આ કામે ફરીયાદપક્ષે ઉપરોકત રજુ કરેલા તમામ પુરાવાઓને યોગ્ય કાયદેસર રીતે આરોપીને ફરીયાદીનો પુરાવો રીબર્ટ કરવા અર્થેની યોગ્ય વ્યાજબી ન્યાયી તકો આપવા છતાં આરોપી તરફે ફરીયાદીના પુરાવાને રીબટ કરવામા નિષ્ફળ રહેલ હોય અને ફરીયાદપક્ષ તરફથી જે પુરાવો રજુ કરેલો છે નિશંકપણે પુરવાર થયેલ હોય તે અર્થેની કોઈ ખંડનાત્મક હકિકત આરોપી તરફે રેકર્ડ ઉપર રજુ કરવામા નિષ્ફળ નિવડેલ હોવાથી, આરોપીએ સદર ફરીયાદવાળો ચેક કાયદેસરના દેવા પેટે આપેલાનુ અને તે ચેક ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં, **"એકાઉન્ટ બ્લોક"** ના કારણે પરત થયેલો અને તેથી ફરીયાદીએ કાયદેસરની નોટિસ આરોપીને આપેલી જે નોટિસ બજી ગયેલ હોવા છતાં, નિર્ધારીત સમય મર્યાદામાં ચેક મુજબની રકમ ફરીયાદીને નહી ચુકવી આપીને આરોપીએ ધી એન.આઈ.એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલાનુ પુરવાર થયેલ હોય, ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ મુદા નંબર–૧ મુજબનો આક્ષેપીત ગુનો કરેલ હોવાનુ નિ:શંકરીતે સાબીત કરવામાં સફળ રહેલ હોય તેથી મુદા નંબર–૧ અને ૨ નો નિર્ણય હકારમાં ઠરાવીને મુદા નંબર–૩ આરોપીને તકસીરવાન ઠરાવીને નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

## -- હુકમ --

આ કામના આરોપી **ગોહેલ પ્રકાશભાઈ કીરીટભાઈ** ને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) મુજબ ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવામા આવે છે. આરોપીને સજા બાબતે સાંભળવા માટે આ કામ મુલ્તવી રાખવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખ–**૨૯/૦૮/૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળવીને મારી સહી કરી જાહેર કર્યો.

તા.**૨૯/૦૮/૨૦૨૬**
સ્થળ: આણંદ

**(B.P.THAKAR)**
**Additional Judicial Magistrate**
Anand
GJ-01618

**સજા અંગે સાંભળ્યા** –

સદર કામે આરોપીને તકસીરવાન ઠરાવવામા આવતાં, સજા અંગે સાંભળવા માટે કામ મુલત્વી રાખવામાઆવેલુ.

સજા અંગે ફરીયાદીની વિ.વ.શ્રીને સાંભળ્યા, ફરીયાદીના વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોય, જેથી આરોપીને પુરેપુરી સજા ફરમાવીને દાખલો બેસે અને અન્ય આરોપી આવો ગુનો કરતા અટકે જેથી પુરેપુરી સજા ફરમાવવા વિનંતી કરેલ છે.

જયારે આરોપી અગર તો આરોપીના વિ.વ.શ્રી હાજર રહેલા નથી, અગાઉ તેમનો ઉલટ તપાસ તથા એફ.એસ. તથા દલીલનો હકક બંધ કરવામા આવેલો છે. આજરોજ પણ આરોપી કે તેમના વિ.વ.શ્રીને પુકારતા હાજર રહેલા નથી.

ફરીયાદીના વિ.વ.શ્રી ની રજુઆત તથા રેકર્ડ ધ્યાને લીધુ.

**હાલના કામે આરોપીએ ટ્રાયલ દરમ્યાન હાજર રહી કોઈ પણ રકમ ભરેલ નથી.** ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ એક સ્પેશીયલ એકટ છે, જેનો હેતુ વ્યાપારીક આલમમાં અને નાણાંકીય વ્યવહારોમા પારદર્શકતા લાવી નાણાંકીય વ્યવહારોમાં વિશ્વાસનીયતા ટકાવી રાખવાનો છે. હાલમા દેશ ઝડપથી નાણાંકીય વ્યવહારમા પારદર્શકતા લાવવાની દિશામાં તરફ જઈ રહેલો છે ત્યારે નાણાંકીય ક્ષેત્રોમાં ચેકની વિશ્વાસનીયતા જળવાઈ રહે તે ધણુ જરુરી અને આવશ્યક છે. અને સદર કાયદો ધડવા પાછળનો લેજીસલેચરનો હેતુ

પણ તેવોજ છે. આ તબકકે એ પણ નોધવુ જરુરી છે કે, આ પ્રકારના કેસો શકય એટલી ઝડપથી ચલાવીને પુર્ણ કરવાના રહે છે. પરંતુ આરોપીઓ પણ એક યા બીજી યુકતી પ્રયુકતી અજમાવીને નામ. કોર્ટમાં ગેર હાજર રહીને કેસ ઈરાદા પુર્વક લંબાવે જ રાખે છે. હાલના કેસમા પણ આરોપી પ્લીના સ્ટેજે હાજર રહેલા છે. ફરીયાદીપક્ષે પુરાવાનુ સોગંદનામુ રજુ થતાં તેની નકલ પણ આરોપીએ લીધેલ છે. પરંતુ ત્યાર બાદ ગેર હાજર રહેલા છે. તેમ કરીને કામને વોરન્ટના સ્ટેજે લઈ જઈને ઈરાદા પુર્વક ટ્રાયલને વિલંબમા નાખવાનો પ્રયત્ન કરેલો છે. જે તમામ હકિકતોને ધ્યાને લેતાં જો આરોપીને ઓછી સજા કરવામા આવેતો વ્યાપારીક આલમમાં તેમજ ધંધાકીય વ્યવસ્થામાં જે લોકો ચેકનો ઉપયગો કરે છે, તેઓને ઓછી સજા થતી હોવાનુ માનીને તેનો દુર ઉપયોગ કરશે. તેવા સંજોગોમા કેસની હકિકત અને સંજોગો જોતાં, અને તમામ પાસાઓનો વિચાર કરીને નાણાંકીય વ્યવહારમા દાખલો બેસે અને ઉપર જણાવ્યા મુજબ નાણાંકીય વ્યવહારમા ચેકની વિશ્વાસનીયતા જળવાઈ રહે તેને ધ્યાનમા રાખીને બેલેન્સ જળવાઈ રહે તેવી સજા કરવામા આવે તો ન્યાયનો હેતુ સર થાય તેમ છે જેથી નીચે મુજબનો આખરી હુકમ ન્યાયના વિશાળ હીતમાં ફરમાવવામા આવે છે.

**-- આખરી હુકમ ---**

(૧) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ- ૨૫૫(૨) મુજબ આ કામના આરોપી **ગોહેલ પ્રકાશભાઈ કીરીટભાઈ** નાઓને એન.આઈ. એકટની કલમ- ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ૬ માસની સાદી કેદની સજા ફરમાવવામા આવે છે.

(૨) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૭(૩) મુજબ ફરીયાદીને વળતર પેટે રુ. ૮૦,૦૦૦ /-(અંકે રુપીયા એંસી હજાર રૂપિયા પુરા ) દિન-૬૦ માં ચુકવી આપવા. (જો આરોપી તરફથી વચગાળાના સમય દરમ્યાન જે કોઈ રકમ ફરીયાદીને ચુકવેલ હોય તો તેવી રકમ વળતર તરીકે મજરે ગણવાની રહેશે ) જો આરોપી વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો આરોપીએ વધુ ૦૧ માસ (એક માસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આરોપી ચાલુ કેસ દરમ્યાન કાચા કામની કેદી તરીકે કસ્ટડીમા રહ્યા હોય તો તે સજા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ- ૪૨૮ મુજબ મજરે આપવાની રહેશે.

(૪) સદર ચુકાદો જાહેર કર્યો અને આરોપીને તકસીરવાન ઠરાવવામા આવેલ છે. તે સમયે આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર ન હોય તથા સદર ચુકાદો યોગ્ય સમયે ત્વરીત જાહેર ન થાય તે અર્થે કોર્ટમા હાજર રહેતા ન હોય અને સદર કેસને વિલંબમાં નાંખવા પ્રયત્ન કરતા હોય, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૧૮ તથા ૩૫૩ (૬)(૭) અન્વયે સદર ચુકાદો આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામા આવેલ છે અને આરોપીએ હાજર થઈ સજા ભોગવવા માટેની કાર્યવાહી અર્થે તથા સદર હુકમના અમલ અર્થે આરોપી વિરુદ્ધ પકડ વોરન્ટ કાઢવાનો હુકમ કરવામા આવે છે.

(૫) આરોપીની ધરપકડ કરી રજુ કર્યેથી અગર તો આરોપી હાજર થયેથી આરોપીને ક્રીમી.પ્રોસી. કોડની કલમ–૩૬૩(૧) મુજબ સદર ચુકાદાની નકલ વિનામુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ **તારીખ : ૨૯ , માહે : ઓગષ્ટ , સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા. **૨૯/૦૮/૨૦૨૬**
સ્થળ : આણંદ.

**(B.P.THAKAR)**
Additional Judicial Magistrate
Anand
**CODE NO.GJ-01618**

( એસ.એચ.પઠાણ )
ગુજરાતી સ્ટેનોગ્રાફર